॥ ॐ तत्सत् ॥

॥ श्री जगन्नाथो विजयत ॥

॥ बोधव न ॥

શિષ્ય—હે ગુરૂમહારાજ ! મારે શું કરવું તે હું કાંઇપણ જાણતો નથી માટે કૃપા કરીને જણાવશો ?

ગુરૂ—હે ભાઇ ! તેં બહુ સારૂં પુછ્યું લોકહિતાર્થ પણ એમા સમાયેલ છે, માટે હું તને કહું છું તે તું ધ્યાન દઇને સાંભળજે, એ પ્રમાણે વર્ત્તવાથી કલ્યાણ થશે. તન, મન, ધન વચન નવડે પ્રાણીમાત્રની રક્ષા કરવી. સર્વનું હિત વિચારવું, સત્શાસ્ત્રોની આજ્ઞાનુસાર વર્ત્તવુ, પરોપકાર કરતા રહેવુ, સત્સંગ કરવો, એ મનુષ્ય માત્રને કરવા યોગ્ય છે. અને પ્રાણીઓની હિંસા કરવી નહિ, સર્વનું અહિત વિચારવુ નહિ, વેદશાસ્ત્રની આજ્ઞાનું ઉલંઘન કરવું નહિ, પરાયો અપકાર કરવો નહિ, દેશકાળના અનુકૂળ લોક અને વેદોના અનુસાર કાર્યો કરવાં, મર્યાદામાં રહેવું, દેશકાળ જોયા વિના લોક અને વેદ વિરૂદ્ધ પોતાનો નિર્વાહ કરવો નહિ, વેદશાસ્ત્રોને સાભળી પરદેવતાને જાણી નિશ્ચય કરી એનું સ્મરણ કરવું. જેટલાં કાર્ય તે પરમાત્મા જે પરદેવતા છે તેની કૃપાવડે સિદ્ધ થાય છે. માટે દરેક ઉદ્યમમાં એ પર દેવનો આશ્રય લેવો જોઇએ.

પ્રથમ બાળ અવસ્થામાં ભણવું

જણાય. બાળ અવસ્થામાં ભણેલી વિદ્યા જન્મભર યાદ રહે છે. ભણવાથી સત્ અસત્‌ની સમજ પડે છે. ભણેલ માણસ માન પ્રતિષ્ઠા પામે છે. વિદ્વાનનું રાજસભામાં સન્માન થાય છે. અને દ્રવ્યનો પણ લાભ થાય છે; પરદેશમાં વિદ્યા સહાય કરે છે.

ગરૂઓ જે માતા પિતા આદિ છે. તેમની સેવા તન, મન, ધનવડે ઘણો કાળ કરવાથી વિદ્યા પ્રાપ્ત થાય છે; બીજે પ્રકારે વિદ્યા પ્રાપ્ત થતી નથી. ભણ્યા વીના માણસ પશુ સમાન છે. કેમકે પોતાનું અને પારકુ હિત અહિત જાણી શકે નહીં.

જુગારી, વ્યભિચારી, માસ ખાનાર, મદિરા પીનાર, વેશ્યાનો સંગ કરનાર, એઓનો સંગ સદાય ત્યાગ કરવો; કેમકે એઓથી બહુ અનર્થ થાય છે.

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ... પુરૂષાર્થ કરવા યોગ્ય છે. ધર્મથી પાપ દુર થાય છે, લોક સુધરે છે, અર્થવડે પુણ્ય થાય છે ઐશ્વર્ય વધે છે કામવડે વિષય વાસના પુર્ણ થાય છે, પોતાનુ નામ બન્યુ રહે છે. પણ એનો સગ્રહ દેશ, કાલ, પાત્ર જોઇને કરવાનો છે. સવારમા ધર્મ સંગ્રહ કરે, મધ્યાન્હે અર્થનો સગ્રહ કરે, અર્ધ રાત્રીમા કામનો સગ્રહ કરે; આ ત્રણ ગૃહસ્થે કરવાનાં છે પોતાની સ્ત્રીથી કામભોગ કરે, શાસ્ત્રની આજ્ઞાનુસાર અન્યત્ર અન્ય કામનાઓ પૂર્ણ કરે.

ઉત્તમ ધર્મ પોતાથી હલકા માણસ પાસે હોય તો તે ગ્રહણ ...નોનુ દ્રવ્ય ગ્રહણ ન કરે, સજ્જનોથી ન્યાયપૂર્વક દ્રવ્ય

...રે, શરીરના વિકારોથી બચે, વડીલોની

અને મહત્પુરૂષોની આજ્ઞા માને, ભણવાથી ચાર ગણું અધિક શ્રવણ કરે, કેમકે ભણવામા જે સદેહ હોય તે દુર થઇ જાય છે.

જે વસ્તુ ખાવા યોગ્ય હોય તે પોતાને પ્રાપ્ત થાય તો, કુટુબ અને ઇષ્ટ મિત્રોમાં વહેચીને ખાય, એકલો ન ખાય; કેમકે ભેદ થાય છે. ધર્મશાસ્ત્રમાં એકલા ખાવુ કહ્યુ નથી. જો પોતાની પાસે દ્રવ્ય હોય તો કુટુબ અને પાસે રહેવાવાળા ગરીબ મનુષ્યોને દેશકાળમાં યથાયોગ્ય દઇને ભરણપોષણ કરે તો તે લોકો સર્વદા આપણી સહાયતા કરશે; અને ધર્મ પણ છે, નહીં દેય તો વૈર કરશે. જે મહોટા છે એનાથી સદાકાળ નમવુ જોઇએ, એઓ જે કહે તે સહન કરવુ જોઇએ, જે માણુસ સહન નથી કરતા એમને બળવાન અને દુષ્ટોથી સહન કરવુ પડે છે.

બુદ્ધિમાન શત્રુ હોય તો પણ એનાથી સલાહ ન લેવી, મૂર્ખ મિત્રને છાની વાત ન કહેવી, બુદ્ધિમાન મિત્રથી સલાહ લેવી અગર પૂછવી એ ઉત્તમ છે. મહોટાથી, બળવાનથી, અને પોતાના માણુસોથી વાદ ન કરે પોતે મહોટાપણાની ઇચ્છા કરે તો સર્વથી મિત્રતા કરે, નમ્ર થઈ રહે, અને કોઈ કઠોર વચન પણ કહે તો તે સહન કરે.

જે પુરૂષ સ્ત્રીઓને ગુપ્ત વાત કહે છે તે સર્વદા પાપજ કરે છે. બહુ વૈર અને હઠ કરે છે તે જલદી દુ ખ પામે છે. જે મહોટાં કાર્યોનો આરભ કરીને ફરી એમા આલસ્ય કરે છે તે નાશ પામે છે. તેમજ વ્યવહાર કરવાવાળા આલસ્ય કરે છે, તો તે પણ નાશ પામે છે. જેને મહાન ઐશ્વર્ય છે, પણ જો તે આલસ્ય કરે તો તેનો પણ નાશ થઈ જાય છે વિદ્યામા આલસ્ય કરે તો પ્રાપ્ત થતી નથી, અને પ્રાપ્ત થયેલી નાશ થઇ જાય છે.

સંસારમાં દરેક મનુષ્યને જ્ઞાન સંપાદન કરવું જોઇએ. જ્ઞાન બરાબર બીજી પવિત્ર વસ્તુ છે નહી જ્ઞાનથી દુઃખ દૂર થાય છે, જ્ઞાનથી સમદ્રષ્ટિ બની રહે છે, અને સમદ્રષ્ટિથી સુખ થાય છે. જે પુરૂષ જ્ઞાનવાન છે તેજ પંડીત છે, અજ્ઞાનીને મૂર્ખ કહે છે. હજારો શોક, ભય આખા દિવસમા અજ્ઞાનીને થયા કરે છે.

જેટલા ઐશ્વર્ય છે તે આવે અને જાય છે. સ્થિર નથી રહેતાં નાશવાન છે, પ્રાકૃત પદાર્થોની એજ રીતિ છે. કાળવડે સુખ દુ ખ આવે તો દીન (ગરીબ, કગાલ) થવુ નહી, અને સુખ આવે તો ગર્વ કરવો નહી. ચિત્તને પ્રસન્ન રાખવુ જોઇએ; તે ચિત્ત જ્ઞાનથી પ્રસન્ન રહે છે અહાર, નિદ્રા, ભય અને મૈથુન એતો પશુઓને પણ હોય છે જ્ઞાનવડેજ મનુષ્યોની પશુઓથી શ્રેષ્ઠતા છે. મહોટાં મહોટા કાર્ય કરે પણ અહંકાર ન કરે, અને સત્ય બોલે, સર્વનુ ભલુ ઇચ્છે, પોતાની બડાઇ પોતાના મુખથી ન કહે, બીજાને જેવો ઉપદેશ કરે તે પ્રમાણે પોતે પણ ચાલે, મન, વચન અને કર્મવડે કોઇને દુ ખ ન દેય, કોઈના દોષ તરફ ન જુવે, નિંદા ન કરે, બીજાનુ ચિત્ત રાજી થાય એવી વાત કરે તો તે સર્વને વહાલો લાગે છે. સત્ય બોલવુ એ બહુ પુણ્યનુ કામ છે, સર્વ અનર્થ સત્ય બોલવાથી દૂર થાય છે, સર્વ લોક વિશ્વાસ કરે છે. સત્ય બોલવાથી મિથ્યા પક્ષવાળાની હાનિ થાય છે, પણ તે સત્ય પક્ષનો સ્વિકાર કરશે તો તેને લાભ થશે. સત્ય બોલવુ તે પ્રિય હિતકર સત્ય બોલવું, અહિત સત્ય ન બોલવું. કારણ કે તેમાં નુકશાન થાય છે. તે પ્રિય એવુ પણ ન બોલવુ કે જેમાં અસત્ય હોય, પણ પ્રિય અને સત્ય હોય તેજ બોલવું. કારણકે પ્રિય અને સત્યવાદીજ આખી દુનિયાને વહાલો લાગે છે,

સત્ય, શૌચ, દયા, દાન, તપ, અહિંસા, ક્ષમા, ધૈર્ય, મ્હોટાથી નમવું, બ્રાહ્મ મુહૂર્ત્તમાં (સૂર્યોદય પહેલાં) ઉઠવું, પરમાત્માનું સ્મરણ કરવું, વિદ્યાનો અભ્યાસ રાખવો એ ગુણો જેને પ્રાપ્ત થાય છે, તેને પછી લક્ષ્મી પ્રાપ્ત થાય છે. અને જે મેલાં વસ્ત્ર, મેલા કેશ, મેલુ મન, અતિ નિદ્રા, અતિ ભોજન, અતિ સ્ત્રીગમન, ઘરમાં કચરો, ફુટેલાં વાસણ, સંજવારી ન વાળવી, લીંપે અગર ચોકો પાણી ન કરે, ઘરની અંદર તથા માલીકના ઘરની અંદર અન્ન, પાત્ર, વિગેરે વસ્તુ રખડતી હોય તેની ખબર ન રાખે, અશુદ્ધતાથી રસોઇ કરે, રાત્રીમા દહીં ખાય, વાસીકુસી એઠુ અન્ન ખાય, સત્તુનું (સાતવાનું) ખાવુ, છાણને પગથી વિખેરવું (ચુંથવુ) અન્નને પગનો સ્પર્શ કરવો એવા ગુણોવાળા પાસેથી લક્ષ્મી દૂર થઇ જાય છે.

-- —કોઇએ કરેલો ઉપકાર માનવો જોઇએ, કોઇએ આપણી સાથે બુરાઈ કરી હોય તે ભૂલવી જોઇએ, પોતાની બડાઇ ન કરવી, પોતાની બડાઇની ઇચ્છા હોય તો બીજાની બડાઇ કરો. પોતાની નિંદા ન કરાવવા ઇચ્છતા હો તો બીજાની નિંદા કરો નહિ. દશ મનુષ્યનુ ભલુ કરવુ એટલે તેમને સુખ હોય તેમ કરવું તે મનુષ્યમા સારાપણુ છે દશ મનુષ્યોને દુ.ખ હોય એમ કરવુ તે બુરાપણુ છે, મનુષ્યમા સુશીલતા વડે સુખ થાય છે

શિષ્ય—સુશિલતા તે શુ ?

ગુરૂ—મહોટાની વાર્ત્તાને શ્રદ્ધાપૂર્વક સાંભળીને તેના અનુકૂલ ચાલવુ, ઈંદ્રિયોને અસન્માર્ગથી રોકવી, કપટ ન કરવુ, કપટીથી મનુષ્યો ડરે છે, કપટીના આ લોક અને પરલોક બન્ને બગડે છે

લોક નિંદાથી ડરવુ જોઇએ, ખ્યાતી માટે ધર્મ ન કરે પણ ઇશ્વ-
રની આજ્ઞા માનીને કરે, પોતાના હિતકારી જાણીને કરે, સર્વનો
સત્કાર પ્રથમ વાણીથી કરે, બીજો ધનથી સત્કાર કરે, ત્રીજો મન
વડે સત્કાર કરે, પોતાને અલ્પજ્ઞ માને, કષ્ટ સમયમાં ધૈર્ય ધરે,
ઇશ્વરની સહાય લે, માતા પિતાની આજ્ઞા માને, માતાની આ-
જ્ઞામા વિરોધ પડે તો પિતાની આજ્ઞા માને (દશરથ કૌશલ્યા
સવાદ માફક). પિતાની આજ્ઞામા વિરોધ આવે તો ઇશ્વરની
આજ્ઞા માને (પ્રહલાદ માફક) કેમકે માતા પિતાને આધિન, અને
પિતા ઇશ્વરને આધિન છે. આ વિશેષ ધર્મ છે. જે ઉપર પરમે-
શ્વરની પૂર્ણ કૃપા થાય છે એવા તે જેને માને છે, કહે છે તે
વિશેષ ધર્મ છે રઘુનાથજી માતા પિતાની આજ્ઞા માની વનવાસ
ગયા, લક્ષ્મણજી માતા પિતાની સેવા ત્યાગી રઘુનાથજીની સેવા
કરતા રહ્યા, ભરતજી રઘુનાથજીના સગે જવુ છોડીને ચરણ પાદુ-
કાની સેવા કરી, શત્રુઘ્નજી પોતાના ભાઇ લક્ષ્મણનો સગ છોડીને
ભરતજીની સેવામા રહ્યા એ પ્રમાણે પરમેશ્વરે સામાન્ય ધર્મ અને
વિશેષ ધર્મ બતાવ્યા એથી એ સિદ્ધ થયુ કે એકથી એક વિ
શેષ છે એમા પણ પરમેશ્વરના વહાલા જે ભક્ત છે તેની આ-
જ્ઞા વિશેષ ધર્મ છે જેથી શત્રુઘ્નજીએ અંગિકાર કરી બતાવ્યો.

ગૃહસ્થાશ્રમના સર્વ ધર્મોને પરમેશ્વરની આજ્ઞા સેવા સમ-
જીને કરવા જોઇએ, કેમકે એ ગૃહસ્થાશ્રમ છે તે ધર્માર્થ કામની
રક્ષાને માટે બાંધેલો કીલ્લો છે શત્રુઓને જીતવાવાળી લડાઇ એ
કીલ્લાની છે ધર્મ, અર્થ, કામ એ ત્રણે એ આશ્રમમાં સુધરે છે
પોતે ધર્મ કરે, અને બીજાને ધર્મમાં જોડે (લગાવે); કેમકે જે
ઇશ્વરથી વિમુખ હોય તેને ઇશ્વરની તરફ જોડે તો ઇશ્વર રાજી

થાય છે. જેવો જેનો અધિકાર છે, જેવી જેની શક્તિ છે, તે પ્રમાણે પ્રજાનું હિત કરે, સર્વ પ્રજા ઇશ્વરની છે, ઇશ્વરે મનુષ્યોને જ્ઞાન, વીર્ય, શક્તિ એ બધુ એને માટે દીધેલ છે, દંભનો ત્યાગ કરે.

શિષ્ય—દંભ શું ?

ગુરૂ—લોકોને બતાવવા માટે નિયમ, ધર્મ, આચાર, વિચાર કરવો એનું નામ દંભ છે દર્પનો ત્યાગ કરે

શિષ્ય—દર્પ શુ ?

ગુરૂ—પૂજવા યોગ્યને ન પૂજવુ, નહીં પૂજવા યોગ્યને પૂજવુ તે. લોભનો ત્યાગ કરે

શિષ્ય—લોભ શુ ?

ગુરૂ—લોભ એ છે કે શરીરના નિર્વાહ જોગ વસ્તુ પ્રાપ્ત થયે પણ સંતોષ ન કરવો અને અતિ ઇચ્છા કરવી તે લોભ છે. એજ જડ છે. (પાપનુ મૂળ છે.) પરાયા ઐશ્વર્યને દેખીને બળવુ તે મત્સર છે તેનો ત્યાગ કરવો. નિર્દયતાનો ત્યાગ કરવો, સર્વ ઉપર દયા કરવી, પોતાની શક્તિ અનુસાર દાન દેવુ, કામ જેટલુ બોલવુ, વિશેષ ન બોલવુ, કેમકે વિશેષ બોલવાથી જુઠુ બોલાઇ જવાય છે. અને જુઠુ બોલવાથી હલકા થઇ જવાય છે. જો કોઇ વાત સારી નરતી પૂછે તો વિચાર કર્યા વિના ઉત્તર દેવો નહિ સભામા જો કોઇ કઠોર વચન કહે તો તેને સહન કરે પણ એજ સમય ઉત્તર ન દેય, પણ સમય મળે ત્યારે ઉત્તર દેય, ક્રોધને જીતવો જોઇએ, ક્રોધમા સુખ નથી, ક્રોધ મહાન અનર્થ કરાવે છે. ક્રોધનું મૂળ કામ છે. વિષયોની ચાહનાને કામ કહે છે. લોભની

ઉત્પત્તિ કામથી થાય છે. કામ ત્રણ પ્રકારનો છે. સાત્વિક, રાજસ, અને તામસ. જે વસ્તુ પ્રમાણે પરમેશ્વરની આજ્ઞા છે, તે પ્રમાણે ન્યાયથી પ્રાપ્ત કરવી અગર અંગિકાર કરવાની ચાહના રાખવી તેને સાત્વિક કામ કહે છે. પોતાને ભોગ્ય સમજીને હિત વસ્તુને મન માને તેમ ભોગવવાની ચાહના તે રાજસ કામ છે, અને જે વસ્તુ ભોગવવા યોગ્ય નહી તેને ભોગવવાની ઇચ્છા તેને તામસ કામ કહે છે

ક્રોધ ત્રણ પ્રકારનો છે સાત્વિક, રાજસ, અને તામસ જે કોઇના હિત કરવા માટે ગુસ્સો તે સાત્વિક ક્રોધ. જેમ પિતા પુત્ર પર, ગુરૂ વિદ્યાર્થિપર ભણાવતા સમય ગુસ્સો કરે છે, વઢે છે, લઢે છે, ધમકી દે છે તેમ. પોતાના સુખને કોઇ રોકે તો તેને ગાળો દેય, તિરસ્કાર કરે, મારે, એ રાજસ ક્રોધ છે. અને પ્રયોજન વિના હરકોઇને દુઃખ દેવુ, હાનિ કરવી, ઇત્યાદિ તામસ ક્રોધ છે

લોભ ત્રણ પ્રકારનો છે. સાત્વિક, રાજસ અને તામસ, તેમા જે શરીર નિર્વાહ માટે સગ્રહ કરાય, આજીવિકા વધારાય તે સાત્વિક લોભ છે. જે બહુ ઉદ્યમ કરવો, સાચુ જુઠું કરીને ધનનો સગ્રહ કરવો, અસતુષ્ટ રહેવુ તે રાજસ લોભ છે. અને પાપ કરીને ધન એકત્ર કરાય, નિદિત આજીવિકા વધારાય તે તામસ લોભ છે. સાત્વિક કામ, સાત્વિક ક્રોધ, સાત્વિક લોભ, એતો મહાત્માઓમા પણ રહે છે શરીર નિર્વાહ માટે હોવાથી કાઇ બગાડ છે નહી.

મનુષ્યોનુ હિત બે પ્રકારે થાય છે એકતો સારાં આચરણ કરવા કરાવવાથી અને બીજુ સારો ઉપદેશ સાભળવા સભળાવવાથી એ બન્ને મોહોટા મનુષ્યોએ સદાકાળ કરવા યોગ્ય છે.

રાજા હોય તોજ સર્વ વસ્તુ પોતાની છે. રાજાથી સર્વ ધર્મ છે રાજા ન હોય તો કોઇની કાંઇ વસ્તુ રહી શકતી નથી. રાજાની બીકથી સર્વ પ્રજા પોતાની મર્યાદામા રહે છે, રાજા વિના કોઇ કોઇને નથી માનતુ; રાજાની નિંદા કરવી નહીં, રાજનિંદા એ બહુજ ભારે પાપ છે. લોકમા પણ હાનિ રાજનિંદાથી થાય છે.

નોકર માલીકનું બુરૂ ન કરે કેમકે તેના અન્નથી શરીર પોષાય છે. માલીકની નીંદા કરવાવાળો કૃતઘ્ન કહેવાય છે. માલીકે જે કામ બતાવ્યુ હોય તે કામ તન મનથી કરી બનાવવું નોકરે ઈર્ષા, આલસ્ય અને લોભ એ ત્રણ કરવાં નહીં એનાથી દુર રહીને નોકરી કરવી. સ્વચ્છતાથી રહેવાથી, અને હુશિયારીથી સર્વ કામ કરવાથી, માલીકપર પ્રિતિ રાખવાથી અહંભાવનો ત્યાગ કરવાથી, માલીક બહુજ પ્રસન્ન થાય છે. એવો નોકર માલીકને સારાં ભાગ્ય હોય તોજ મળે છે.

શિષ્ય—માલીકપર પ્રિતિપણુ તે શુ ?

ગુરૂ—માલીકની ચીજને બગાડવી નહીં, માલીકનું મન દુઃખાવવુ નહીં, હમેશા માલીકની બડાઇ કરતા રહેવુ તે છે. માલીક હોય તો એવો હોય કે નોકરને પુત્રની માફક ચહાય, નોકર અન્ન વસ્ત્રાદિ કોઇ વસ્તુની તંગી ન ભોગવે એની ખબર રાખે. કોઇ સમય નોકરે કાંઇ બિગાડ કરી દીધો હોય તો ક્ષમા કરે, સારૂ કામ કરે તો ઇનામ દેય, ગુણ દેખે તો વખાણ કરે.

માતા પિતાની અવજ્ઞા ન કરવી, ધનથી ગર્વિત ન થાય, પૂજા કરવા યોગ્યને માટે પોતાનું ધન લાગી જાય તો આ લોક અને પરલોક બન્ને સુધરે છે. માતાનુ રક્ત અને પિતાનું વિર્ય

એનાથી શરીર પેદા થાય છે. માતા પિતા મહાન કષ્ટથી પોતાના સતાનોનું પાલણુ પોષણુ કરી મહોટા કરે છે; તેને માટે જેટલું ધન વિશેષ ખર્ચ કરે તેટલુ થોડુ જ છે.

શીલવાન સ્ત્રીનુ ભરણુપોષણુ અવશ્ય કરવા યોગ્ય છે. સ્ત્રીની સર્વદા રક્ષા કરે. તે રક્ષા બે પ્રકારની છે. એક નીતિયુક્ત પ્રાપચિક કાર્યોમાં લગાવવી. બીજી રક્ષા એ છે કે પોતે બીજી સ્ત્રીયોથી જીતેંદ્રિય રહેવુ, વેશ્યામાં અને પરસ્ત્રીમા પ્રીતિ કરવાવાળા પોતાના બેય લોક બિગાડે છે, અને એને જોઇને બીજા પણુ બગડે છે.

પોતાનો સ્વામી જે પરમેશ્વર છે, તેને પોતાના તરફથી સર્વદા રાજી રાખવો, સેવાથી પરમેશ્વર રાજી થાય છે, તે સેવા બે પ્રકારની છે. એક આજ્ઞાસેવા, અને બીજી સાક્ષાત સેવા. આજ્ઞા સેવા એ છે કે જે વર્ણ, આશ્રમ ધર્મમા પરમેશ્વરે રાખ્યાં છે, તેમા ન્યાયપૂર્વક રહેવુ, કહેલ કર્મોને કરવા તે આજ્ઞા સેવા, બીજી સાક્ષાત સેવા બે પ્રકારની છે. એક અર્ચા મૂર્ત્તિની પૂજા અને બીજી પરમેશ્વરના સુખરૂપ રૂપ, ગુણ, વિભૂતિ, લીલા, ઉપકરણ, ઐશ્વર્ય, સબધ એનું અનુસધાન કરવુ તેને બીજા પ્રકારની સાક્ષાત સેવા કહે છે. આ શરીરથી જેત સેવા કરશે તો તેને દિવ્ય શરીર કે જેને સારૂપ્ય મુક્તિ કહે છે તે તેને મળશે. પાંચ ઇંદ્રિયોનો વ્યાપાર અને ભોગ એ સર્વ શરીરોમાં છે. પણ પરમેશ્વરને જાણવાની યોગ્યતા મનુષ્યોનાંજ શરીરમા અધિક છે. પોતાને પરમેશ્વરનો દાસ જાણવે, જે કર્મથી પરમેશ્વર પ્રસન્ન થાય તે કર્મ કરવાં, પરમેશ્વરની પ્રસન્નતાથી અખંડ સુખ પ્રાપ્ત થાય છે. લોકિક સુખ મળવુ તો સહજ છે. પણ અખંડ સુખ પ્રાપ્ત

થવુ મુશ્કેલ છે તે પરમાત્માની પ્રસન્નતાથી મળે છે. માટે એજ પ્રસન્નતા મેળવવી ઉચીત છે.

શિષ્ય—સુખમાં વિરોધી કોણ છે ?

ગુરૂ—જે સુખને રોકે છે તે પાપ છે પાપ એ છે કે જે પરમેશ્વરની આજ્ઞા પ્રમાણે ન વર્ત્તવુ તે છે.

શિષ્ય—બુદ્ધિમાન કોણ છે ?

ગુરૂ—જે પરિણામને જોઇ વિચારી કાર્ય અકાર્ય ફળને જાણી ધર્મમા આરૂઢ રહે, દાન દીધેલ પાછુ ન લે, પાછુ લેવાથી અપકીર્ત્તિ થાય છે અને નર્કમા જાય છે; માટે એવુ કામ ન કરે તે બુદ્ધિમાન છે ધર્માત્માનુ ઐશ્વર્ય સ્થિર રહેછે. અને પાપી પુરૂષનુ ઐશ્વર્ય થોડાજ કાળમાં વધુ થાછે, અને પછી નાશ પામે છે ધર્મ કરવા વિચારે તો તત્કાળ કરે, અને પાપ કરવા વિચારે તો બીજાની સલાહ લેય અને જલદી ન કરે; કેમકે વખતે અધર્મથી બચી પણ જાય. કેટલાએક ધર્મ એવા છે કે જેને કરવાનો અધિકાર સર્વને છે. જેવા કે સત્ય, દયા, દાન, દીનતા, અહિંસા, પરમેશ્વરનુ સ્મરણ, શરણાગતિ ઇત્યાદિ. અને કેટલાએક ધર્મ એવા છે કે, જેમાં બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય એ ત્રણે વર્ણોનોજ અધિકાર છે. જેવા કે વૈદિકકર્મ, અધ્યાત્મજ્ઞાન, સમાધિયોગ, તપસ્યા ઇત્યાદિ એ તો વેદશાસ્ત્રોનું રહસ્ય છે. બહુજ સુક્ષ્મ છે. કર્મ, જ્ઞાન, ભક્તિ, યોગના વિષયમાં પંડિત પણ મોહિત થઇ જાય છે.

શિષ્ય—મહારાજ કાઇક સ્ત્રીઓના ધર્મ પણ કહો.

ગુરૂ—હવે સ્ત્રીઓના ધર્મને શ્રવણ કર. તન, મન, વચન

વડે પતીની સેવા કરવી, પતિને ઇશ્વર સમજવો, પતિ રોગી, દરિદ્રી, ક્રૂર, કુરૂપ થઇ જાય તો પણ તેની સેવા કરવી, એ સ્ત્રીઓનો પરમ ધર્મ છે. પતિ રાજી રહેશે તો સર્વ સુખ અહિંઆ અને પરલોકમા મળશે. જે સ્ત્રી કઠણ વ્રત કરે છે, તીર્થયાત્રાદિ કરે છે, પણ જો એમા પતિને કલેશ થાય તો તે બધું વૃથા છે. પતિની જેવી આજ્ઞા હોય તે પ્રમાણે ચાલે, જે પ્રમાણે જાનકીજીએ રઘુનાથજીની આજ્ઞા પાળી, અને બીજી સતીયોએ પણ પાળી છે તે પ્રમાણે વર્ત્તવું. સાધારણ રીતિથી સ્ત્રીઓને એ પ્રમાણે વર્ત્તવુ જોઇએ કે, સાસુસસરાની સેવા કરવી, જે પોતાનાથી અથવા પતિથી મ્હોટા હોય તેમની પણ સેવા કરવી, કેમકે ઘરમા આપણને તે પૂજ્ય કહેવાય છે. તેથી તેની સેવા ન કરવાથી નિંદા થાય છે. પોતે સાસુની શેવા ન કરે તો પોતાની સેવા પોતાના પુત્રની વહુ પણ ન કરશે કેમકે જે પ્રમાણે દેખશે તેવું કરશે. અને સાસુનો પણ એ ધર્મ છે કે પુત્રી અને પુત્રની વહુને ખાવાપીવામા અને લેવાદેવામા સમાનતા રાખવી. કેમકે એને (પુત્રીને) પણ સાસુને ઘેર જાવુ છે તેથી ગૃહસ્થાશ્રમ બહુજ યત્નથી ચલાવવો સિદ્ધ થાય છે. સર્વનો મુખ્ય પતિ તો એક પરમેશ્વરજ છે, તે પરમેશ્વરની આજ્ઞા માનીને શાસ્ત્ર જાણીને બીજાની સેવા કરે એનું નામ સ્વધર્મ છે સર્વને માટે સાધારણ ધર્મ તો એ છે કે હિંસા ન કરવી, દુઃખ ન દેવું, નિંદા ન કરવી, તિરસ્કાર ન કરવો, ઇંદ્રિયોને ચચળ ન રાખવી, મિથ્યા ન બોલવુ, ચોરી ન કરવી ઇત્યાદિ સાધારણ ધર્મ છે. એ પ્રમાણે વર્તવાથી ધર્મની રક્ષા થાય છે.

શિષ્ય—હવે કાઇ રાજધર્મ સભળાવોતો સારૂ.

ગુરૂ—જે પ્રજાને ધર્મથી ચલાવે છે, ન્યાયથી પાલન કરી પ્રસન્ન રાખે છે તે રાજા કહેવાય છે રાજાનો ધર્મ રક્ષા કરવાનો છે, જેના રાજ્યમાં પ્રજા પ્રસન્ન રહે તેનું રાજાપણું યથાર્થ છે. જે રાજાની સ્વદેશ અને પરદેશમા કીર્તિ સદાકાળ ફેલાતી રહે છે તે રાજાને ધન્ય છે, રાજાને રાજ કરતી વખતે ૭ કીલ્લા બાંધવાની જરૂર છે, એમા મનુષ્યોનો કીલ્લો શ્રેષ્ઠ છે. રાજાએ પ્રથમ માણસોની પરિક્ષા લેવી જોઇએ સારા માણસોનો સંગ્રહ કરી દાન, માન, સત્કાર કરીને રાખે, જે રાજાની પાસે યોગ્ય માણસો રહેશે તે રાજા રાજત્વવડે વધશે, પ્રજાનો ન્યાય ચિત્ત દઇ બુદ્ધિપૂર્વક શ્રદ્ધાની સાથે કરે, જેથી પ્રજાની રાજામા ભક્તિ બની રહે; એ પ્રમાણે ગૃહસ્થોએ પણ કરવુ જોઇએ પોતાના કુટુંબમા જેટલા માણસ હોય તેને પોતાના અનુકૂળ કરી લેય અનુકુળતાથી ઐશ્વર્ય વધે છે. રાજા પોતાને ત્યાં જે લખવાવાળા કામદાર છે તેની ખબર રાખે જેથી ખોટુ લખેલ હોય તેની ખબર પડે, કેમકે રાજા લેખના બળથી પ્રજાનો ન્યાય કરે છે રાજા ગુપ્ત અને પ્રગટ એમ બે તરેહના જાસુસ રાખે, જેથી પ્રજાની અને રાજાઓની સર્વ ખબર મળતી રહે, રાજા ખરેખરી સત્ય વાત જાણ્યા વિના મુકર્દમાનો ફેસલો ન કરે, રાજા સત્યવાદી રહે, જે જે વચન કહે તેને બરોબર પાળે વર્ત્તવાના સમયે બદલાઇ ન જાય, રાજા અત્યત ઉગ્ર ન રહે, જેમા કોઇ બોલી ન શકે, રાજા અત્યત સૌમ્ય પણ ન રહે કે જેમાં કોઇ અવજ્ઞા કરવા લાગે, રાજા તુચ્છ મનુષ્યને ઉચ્ચ અધિકાર દેય નહી કેમકે તુચ્છ મનુષ્ય ઉચ્ચ અધિકાર પામીને માલીકનો ઘાત કરવાનો વિચાર કરે છે, તો આખરે પોતે તુચ્છનો તુચ્છજ રહી જાય છે. રાજા સમયને અનુસાર વર્ત્તે, સર્વની વાત સાંભળે, માળીની માફક રાજ્યનો વ્યવહાર કરે. માળી

કેવો વ્યવહાર કરે છે, અને રાજાએ કેવો વ્યવહાર કરવો જો- ઇએ તે હવે કહેવાય છે.

માળી બહુ વધેલાં વૃક્ષને અલગ કરે છે, જુદાં પાડે છે, તેમ રાજા પણ પોતાના રાજ્યમા જે તન, મન, ધનથી વધે છે, તેને ઘટાડી દેય માળી બાગમા જે વૃક્ષ સુકાઈ ગયાં છે તેને જલ સીંચીને લીલા કરે છે, તે પ્રમાણે પોતાના રાજ્યમા તન, મન, ધનવડે દુર્બલ છે, તેને રાજા અન્ન, વસ્ત્ર, ધન, અભય વચન આ- પીને પુષ્ટ કરે. જેમ માળી બાગમા પાસે પાસે મળેલાં વૃક્ષોને અલગ અલગ કરીને દૂર દૂર રોપે છે તેમ રાજા પોતાના રાજ્યમાં એકમત થયેલા પુરૂષોને અલગ અલગ કરીને પોતાની પાસેજ ગના રહે એમ કરે છે. જેમ માળી બાગમાંથી ફળફુલ ઉતારી લેય છે, તેમ રાજા પ્રજાથી કર, દંડ લીધાં કરે,- રાજા વ્યસનોથી બચે, તેમ મદિરા પીવી, જુગાર રમવુ, શિકાર કરવો, સ્ત્રીઓને ભોગ- વવી એ વ્યસન છે. એઓને કરે તો સમયપર કરે, પણ એમા આસક્ત ન થાય રાજાએ આલસ્યનો ત્યાગ કરવો, રાજના અંગોને વખતો વખત દેખતા રહેવુ અંગ એ છે કે, મુસાહેબ, (કારભારી) મિત્ર, ખાતનો, મુલક, કીલ્લા, ફોજ, પ્રજા એ સાત અંગ છે અને રાજા સહિત અષ્ટાંગ પણ કહે છે રાજા નિત્ય પ્રતિ ઉદ્યમી રહે, પોતાની પાસે બેસવાવાળાથી હાસી ન કરે, કેમકે હાસીમા રાજાની અવજ્ઞા કરવા લાગશે, વસ્તુઓને ચોરવા લાગશે, જેનો રાજ્યમા દાવો (હક) છે તેનો રાજા વિશ્વાસ ન કરે. જેને પોતાનો આશરો છે તેની રાજા પરવરષ કરે, (સભાળ લેય) આગળને માટે એનો બદોબસ્ત કરે, પરિક્ષા કરેલ માણસોનો વિશ્વાસ કરી પરિક્ષા કરીને કરે. દીન, (ગરીબ) રોગી, અનાથ જે હોય તેની

રાજા પેટની ખબર રાખે, ખાવેપીવે વસ્ત્રથી હેરાન ન થાય એમ કરે. રાજા એવી વાતોમાં પણ ખબરદાર રહે કે કોઇ સાચો કેશ જુઠો તો ન થઇ ગયો હોય, પક્ષપાત કરીને કોઇ દીન ગરીબનું સાંભળવામા ન આવતુ હોય તેની ખબર રાખે કોઇ એવા દીન ઉપર અજાણે જુલમ થાય તો તેના હૃદયની ખરાબ દુવા લાગવાથી રાજ્ય નાશ પામે છે. માટે એની બહુજ ખબર રાખવી જોઇએ એ સર્વ વાત ક્યારે બને છે કે જ્યારે ઇશ્વરની પૂર્ણ કૃપા હોય ત્યારે રાજા પોતાના ઉપર પણ શિક્ષક રાખે, કેમકે પોતાથી કાઇ અનુચિત કાર્ય થતુ હોય તો તે બતાવે અને ખરાબ વાતને મના કરે રાજા પોતાને પરમેશ્વરનો કામ કરનાર સમજે, કેમકે પાલનનુ કામ વિષ્ણુ ભગવાનનું છે, તો તે વિષ્ણુનો આશરો લેવો જોઇએ. વિષ્ણુ શબ્દ સત્વની મૂર્ત્તિનો વાચક છે, જેની ઉપાસના કરવાથી સત્વગુણ પ્રાપ્ત થાય છે. ઉપાસ્યના ગુણ ઉપાસકમાં આવે છે સત્વગુણ વડે જ્ઞાન થાય છે, અને જ્ઞાનથી સત્ય અસત્યની પરિક્ષા થાય છે. રાજા રાગ દ્વેષ અને પક્ષપાત છોડીને પરમેશ્વરની સેવા સમજીને મનુષ્યોને પોતપોતાના વર્ણાશ્રમ ધર્મમા રાખે. જુઠા, લુટારા, ઠગ, ચોર, એઓના ઉપર દયા ન કરે પણ એઓને દંડ દેય, રાજા નિત્ય શૂર, નિત્ય ઉત્સાહી રહે ગૃહસ્થ પણ એને અનુસાર ચાલે તો ઉત્તમ ઐશ્વર્યને પામી શકે છે. રાજાને યાન, આસન, સંધિ, વિગ્રહ, દ્વૈધ, આશ્રય એ ૭ કર્મ અવશ્ય જાણવા જોઇએ કેમકે એ રાજનિતિમાં કહ્યા છે

શિષ્ય—યાનાદિ ૭ કહ્યા તે શુ ?

ગુરૂ—યાન તે પરાયારાજપર ચઢાઈ કરવી, આસન તે પરાયારાજ અથવા પોતાની સરહદમાં પોતાની ફોજ રાખવી, સંધિ તે

શત્રુને અથવા શત્રુના કુટુંબને અથવા એના પક્ષવાળાને જે પ્રમાણે બને તે પ્રમાણે પોતાના તરફ કરી લેવાં, વિગ્રહ તે સમયની પ્રાપ્તિ થયે લડવુ, દ્વૈધ તે શત્રુની સેનામા ફુટ પેદા કરવી, અથવા પોતાની સેનાના કેટલાક ભાગ પાડી થોડીક સેનાને લઇને શત્રુથી લડાઇ કરવી, થોડીક સેનાવડે શત્રુનો કીલ્લો ઘેરવો, થોડીક સેનાવડે પોતાની રક્ષા કરવી. આશ્રય તે શત્રુને જીતી શકાય તો ચક્રવર્ત્તિ રાજાનો આશ્રય લેવો.

શિષ્ય—મહારાજ ચક્રવર્ત્તિ રાજાની ઓળખાણ તો પહેલા કહો ?

ગુરૂ—ચારે સમુદ્રો સુધી જેના રાજ્યનો અધિકાર સર્વે ઉપર હોય, જેની પાસે ચૌદ રત્ન નિરંતર રહેતા હોય. એનુ નામ ચક્રવર્ત્તિ રાજા છે

શિષ્ય—ચૌદ રત્ન તે કયા કયા છે તે મને કૃપા કરી કહો ?

ગુરૂ—સર્વ વાહનમા રત્ન સમાન રથ, સર્વ આયુધોમાં રત્ન સમાન ચક્ર, ઢાલ, તરવાર, સર્વ રત્નમા રત્ન સમાન માણિક્ય, હિરા, જવાહિર, ઇત્યાદિ સર્વ નિશાનોમા રત્નના સમાન ઝુંડો, સર્વ ધનમા રત્નના સમાન ખજાનો, એ સાતને નિર્જીવ રત્ન કહે છે. અને સર્વ સ્ત્રિયોમા રત્ન સમાન રાણી, સર્વ પંડીતોમાં રત્ન સમાન પુરોહિત, સર્વ નોકરોમા રત્ન સમાન સેનાપતિ, સર્વ કારીગરોમા રત્ન સમાન શિલ્પિ, સર્વ જનાવરોમા રત્ન સમાન હાથી, ઘોડા, સર્વ મનુષ્યોમા રત્ન સમાન ફોજ, એ સાતને સજીવ રત્ન કહે છે મુમુક્ષુઓ એ પ્રમાણે પરમેશ્વરનો અનુભવ

કરે છે. કેમકે ચક્રવર્ત્તિ રાજાનો આશ્રય લેવાથી નિર્ભય થાય છે. અને નિર્ભયતાથી શત્રુને જીતી શકે છે.

શિષ્ય—મુમુક્ષુઓ એ પ્રમાણે પરમેશ્વરનો અનુભવ કેવી રીતે કરે છે તે કૃપા કરી કહો ?

ગુરૂ—પરબ્રહ્મ પરમાત્માજ રાજાધિરાજ ચક્રવર્ત્તિ રાજા છે એમણે પોતાની કૃપા કરીને જીવાત્માને નવ દરવાજાવાળુ શરીર-રૂપી નગર દઇને એનો રાજા બનાવ્યો છે. બુદ્ધિરૂપી રાણી, મન-રૂપી મુસાહેબ, (કારભાદી) કરી અતઃકરણરૂપી ગાદીપર બેસીને રાજ્યનો અનુભવ કરવા લાગ્યો. મોહરૂપી તસ્કર (ચોર) રાજાએ વિચાર કર્યો કે આ નગરના ઐશ્વર્યને હુ ભોગવુ, અને જીવ રાજાને વશ કરૂ, તેણે પોતાના યોદ્ધાઓને બોલાવીને આજ્ઞા કરી કે આ નગરના રાજા જીવને ઘેરો, મુસાહેબ મનને બાધો, બુદ્ધિરૂપી રાણીને રોકો, અને બધા યોદ્ધાઓને હઠાવો, ત્યારે મોહ રાજાની બધી સેના તૈયાર થઈ કરીને શરીરરૂપી નગરને ઘેરી હુ-મલો કરવાને આવ્યા. તે જ્યાં દેખે ત્યા અહકાર, મમકાર, કામ, ક્રોધ, કપટ, મદ, માન, લોભ, દભ, મત્સર, દર્પ, હિંસા એ બધા દેખા દેવા લાગ્યા; જ્યારે જીવરાજાએ જોયુ ત્યારે મનકાર ભારીથી, બુદ્ધિ રાણીથી અને સત્સગરૂપી બીજા મિત્રોથી સલાહ કરી પોતાની દૈવી સેનાને લડવાને હુકમ કર્યો તે બન્ને તરફથી યુદ્ધ થયુ. રોજ છ પહોરની લડાઇ કરવી એવો ઠરાવ થયો. એ દેવાસુર સંગ્રામમા મોહની સાથે જ્ઞાનનુ યુદ્ધ, અહકાર મમકારની સાથે વિવેકનું યુદ્ધ થયુ, કામની સાથે ભગવદ્ભક્તિ લડી, ક્રોધની સાથે શાંતિ, લોભની સામે સંતોષ, દભની સામે સત્ય, કપટ સામે આર્જવ (સરલતા) મદની સામે દમ, (ઇંદ્રિય નિગ્રહ) માન

સામે શિલ, મત્સર સામે સૌમ્ય, દર્પ સામે વિચાર, હિંસા સામે દયા, અને ક્ષમા, વિજ્ઞાન, વૈરાગ્ય એ બધા ચારે તરફથી લડવા લાગ્યા. બહુ જબરો સગ્રામ થયો રાજનીતિના પાંચે ઉપાય કરવામા આવ્યા પણ દૈવી સેનાને લઇને જીવરાજા મહા મોહ રાજાને જીતી ન શકયો; ત્યારે શુ કરવુ જોઇએ એમ વિચારીને છઠ્ઠી જે રાજનીતિ છે તે કરવી જોઇએ, જેને આશ્રય કહે છે. તે આશ્રય કરવો, તે આશ્રય કરવા યોગ્ય ચક્રવર્ત્તિ મહારાજાધિરાજ પરમાત્માજ છે. તેની શરણાગતિ કરવી અર્થાત તેની શરણે જવુ

શિષ્ય—શરણાગતિ કેટલા પ્રકારની છે ?

ગુરૂ—શરણાગતિ ૭ પ્રકારની છે. પ્રથમ અનુકુલ સકલ્પ, બીજી પ્રતિકુલ વર્જન, ત્રીજી રક્ષકમા વિશ્વાસ, ચોથી ગોપ્તૃત્વ વરણ, પાંચમી આત્મસમર્પણ, અને છઠ્ઠી દીનતા છે

શિષ્ય—એ છએ સ્ફુટ સમજાય તેમ કહો.

ગુરૂ—અનુકુળ સકલ્પ તે પરમેશ્વરના તરફ લાગવાનો વિચાર કરવો તે, જેમ વિભીપણે જાનકી રઘુનાથજીને દઇને રાવણને મળવાને માટે સમજાવ્યા તે છે પ્રતિકુળ વર્જન તે પરમેશ્વરના જે વિરોધી છે તેનો વાસના સહિત પરિત્યાગ કરવો. જેમ વિભીષણે રાવણને સમજાવ્યો તોપણ રાવણે ન માન્યુ, ત્યારે એને વિભીષણે ઇશ્વરનો વિરોધી ગણીને ત્યાગ કર્યો તેમ રક્ષકમા વિશ્વાસ તે પરમેશ્વર મારી રક્ષા કરશે એવો દઢ વિશ્વાસ કરવો, જેમ વિભીષણ રઘુનાથજીને રક્ષક જાણીને તત્કાલ ચાલ્યો આવ્યો, અને કાઇપણ સંશય ન કર્યો, અને એ મારી રક્ષા કરશે એવો વિશ્વાસ કર્યો, એનુ નામ રક્ષકમાં વિશ્વાસ છે. ગોપ્તૃત્વ વરણ તે પરમેશ્વરથી પોતાનો અગીકાર કરવાને માટે પ્રાર્થના કરવી, તે જેમ વિભીષણે બધુ છોડીને

આકાશમાં ઉભો રહીને નિરાલંબ આર્તસ્વરથી પોકાર કરી કહ્યું; એનું નામ ગોપ્તૃત્વ વરણ છે. આત્મ સમર્પણ તે પોતાની હકીકત જેવી છે તેવી પરમેશ્વરને એમના અતિ વહાલા મહાત્માઓના મુખથી સંભળાવીને નિષ્કપટથી એના થઇને રહેવું. જેમ વિભીષણે પોતાનું વૃત્તાંત રઘુનાથજીને સુગ્રીવના મુખથી મભળાવ્યુ, અને પોતે રઘુનાથજીનો કહેવાયો. એનું નામ આત્મસમર્પણ છે. દીનતા તે હુ મારી પોતાની રક્ષા કરવાને સમર્થ નથી, આપ મારી રક્ષા કરો એ પ્રમાણે કહીને મનવાણીથી કૃપણ (ચુપ) થઇ જવુ એ પ્રમાણે રઘુનાથજીની વિભીષણે શરણાગતિ કરી એ પ્રમાણે પરમેશ્વરનો આશ્રય કરીને નિર્ભય થઇ જાય તો પરમેશ્વર પોતેજ સર્વ શત્રુઓનો નાશ કરી જે અમારૂ રાજ છે તે અમને પ્રાપ્ત કરી દેશે જેમ વિભીષણને લંકાનુ રાજ્ય પ્રાપ્ત કરી દીધુ. રક્ષકમાં જ્ઞાન, દયા, શક્તિ, એ ત્રણ ગુણ જોઇએ, એ ત્રણ ગુણ વિના જે રક્ષક છે તે તુચ્છ છે. તુચ્છની શરણાગતિ કરે તો ફળીભૂત થતા નથી, જેમ રઘુનાથજીએ સમુદ્રની શરણાગતિ કરી પણ નિષ્ફળ થઇ; કેમકે સમુદ્રમા એ ત્રણ ગુણ નહોતા એ ત્રણ ગુણ જેમા હોય એને રક્ષક માનીને શરણાગતિ કરો તો ફળ પ્રાપ્ત થાય છે. જેમ સમુદ્રે રામબાણના ભયથી શરણાગતિ કરી તો રઘુનાથજીએ કરૂણા કરીને પોતાના અમોઘ બાણને મારવાડમા નાખીને સમુદ્રને બચાવ્યો એથી સર્વ શક્તિ, સર્વ નિયંતા જ્ઞાન દયાનિધિ પરમેશ્વરની શરણાગતિ કરવી જોઇએ

શિષ્ય—શરણાગતિ કરવામાં જે નિયમ હોય તે પણ કૃપા કરીને કહો ?

ગુરૂ—નિયમનું શું ? શરણાગતિમા કોઇ નિયમ નથી, સર્વને

કરવાની છે, સર્વને ફળ દેય છે. જયારે રક્ષક પ્રાપ્ત થાય ત્યારેજ શરણાગતિ કરવી જોઇએ, દેશકાળનો કાંઇ એમાં નિયમ નથી. રઘુનાથજીએ શુદ્ધ થઇને મહાદેવની શરણાગતિ કરી, દ્રૌપદીએ રજસ્વલા હતી ને કરી તેથી શુદ્ધિ અશુદ્ધિનો પણ એમાં નિયમ નથી દ્રૌપદીએ પોતાની રક્ષાને માટે કરી, સુગ્રીવે રાજને માટે કરી, ગજેન્દ્રે ગ્રાહથી છુટવાને માટે કરી, *કાગાસુરે પોતાના પ્રાણ બચાવવા માટે કરી, એથી શરણાગતિમાં ફળનો પણ કાંઇ નિયમ નથી, શરણાગતની રક્ષા કરવી એ સમર્થનો ધર્મ છે. જો સમર્થ થઇને શરણાગતની રક્ષા ન કરે તો તેનું સર્વ પુણ્ય શરણાગત લઇ જાય છે; અને પોતાનું પાપ તેને દઇ જાય છે શરણાગતિમા વિશ્વાસ જોઇએ કે મારી રક્ષા પરમેશ્વર અવસ્ય કરશેજ, શરણાગતિમા બીજુ અવલંબન ન જોઇએ, કેમકે હનુમાનજીને મેઘનાદે બ્રહ્માસ્ત્ર વડે બાંધ્યા ત્યારે રાક્ષસોએ એનાપર વિશ્વાસ ન કર્યો, અને બીજા બંધનોમા બાંધ્યા ત્યારે બ્રહ્માસ્ત્ર છુટી ગયુ એ પ્રમાણે બીજાના ભરોસાથી શરણાગતિનો ખુલાસો કહે છે. પરમેશ્વરને

---

* જાનકીજીને અસુર કાગડાનું રૂપ લઇને પજવવા લાગ્યો ત્યારે રઘુનાથજીએ એના ઉપર ક્રોધના આવેશમા આવી જઇ બાણ માર્યું, ત્યારે કાગાસુર નાઠો અને ભમવા લાગ્યો, કાગાસુર આગળ અને બાણ પાછળ એવી રીતે નાઠો અને બધે ફરી આવ્યો પણ કોઇએ શરણું સ્વીકાર્યું નહી, આખરે જાનકીજીના ચરણમાં મસ્તક નમાવ્યુ ત્યારે જાનકીજીએ ક્ષમા આપી બાણ પાછું ખેંચવા કહ્યુ પણ રઘુનાથજીનું બાણ પાછુ ફરે નહિ તેથી નિશાની દાખલ કાગાસુરની એક આંખમાં માર્યું જેથી એક આંખ ફુટી ગઇ. ત્યારથી અદ્યાપિપર્યંત કાગડાને ચક્ષુની એકજ કીકી છે.